स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सत्यमेव जयते
ગુજરાત સરકાર

GUJARAT MUNICIPAL FINANCE BOARD
GMFB

શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

શ્રી નીતિનભાઈ પટેલ
માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

ગુજરાત મ્યુનસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત શહેરી વિકાસની યોજનાઓ

શ્રી ધનસુખ ભંડેરી
માન. અધ્યક્ષશ્રી,
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
ગુજરાત

શ્રી શંકરભાઈ ચૌધરી
માન. રા.ક.મંત્રીશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ,
તબીબી શિક્ષણ, પર્યાવરણ
(તમામ સ્વતંત્ર હવાલો)
અને શહેરી વિકાસ, ગુજરાત



પારદર્શકતા - નિર્ણાયકતા - સંવેદનશીલતા - પ્રગતિશીલતા

સર્વાંગી શહેરી વિકાસ

પ્રસ્તાવના

શહેરીકરણની પ્રક્રિયામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રાજયો પૈકીનું એક છે.૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત દેશમાં વધુ શહેરીકરણ પામેલા રાજયોમાં બીજા ક્રમે હતું. ભારતની વસતિના દાયકાનાં સરેરાશ વિકાસ દર ૨૨.૫ ટકાની સરખામણીમાં ગુજરાતની શહેરી વસતિ ૩૪.૫ ટકા હતી સને ૨૦૦૧માં ભારતની વસતિનાં દાયકાનાં સરેરાશ વિકાસ દર ૨૭.૮૨ ટકાની સરખામણીમાં રાજયની શહેરી વસતિ ૩૭.૩૬ ટકા થયેલ છે. જે સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ શહેરી વસતિ ૪૨.૫૮ ટકા (૨.૫૭ કરોડ) જેટલી થવા જાય છે.

૭૪માં બંધારણીય સુધારા પછી શહેરી સ્થાનિક સંસ્થાઓમાં વધારો થયેલ છે. શહેરી વિકાસના વિવિધ પરિમાણને સુગ્રથિત સ્વરૂપે પ્રયોજી રાજય સરકારેશ્રીએ શહેરી વિસ્તાર તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અપેક્ષિત મુળભૂત નાગરિક સુવિધાઓ / સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા સંગીન બનાવવા આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડી શહેરી ગરીબોનો સામાજિક અને આર્થિક વિકાસ કરી તેઓનું જીવનધોરણ ઉંચે લઈ જવા અવિરત કોશિષ કરેલ છે.

રાજયમાં વસતિ ગણતરીના આધારે વર્ગવાર નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની સંખ્યા, વસતિ, વિસ્તારની વિગતો નીચે મુજબ છે.

વર્ગ	સંખ્યા	વિસ્તાર (ચો.કિ.મી.)	૨૦૧૧ની વસતિ ગણતરી મુજબની વસતિ
મહાનગરપાલિકાઓ	૮	૧૫૭૦.૧૧	૧૪૬૦૨૧૩૮
નગરપાલિકાઓ			
૧ લાખથી ઉપરની વસતિ-અ વર્ગ	૨૨	૬૭૭.૫૩	૩૩૬૨૨૬૧
૫૦ હજારથી ૧ લાખ સુધીની વસતિ - બ વર્ગ	૩૪	૮૩૨.૨૦	૨૨૭૯૦૬૫
૨૫ હજારથી ૫૦ હજાર સુધીની વસતિ - ક વર્ગ	૬૨	૧૫૬૨.૮૯	૨૦૬૯૪૬૩
૧૫ હજારથી ૨૫ હજાર સુધીની વસતિ - ડ વર્ગ	૪૪	૧૧૧૩.૧૩	૮૪૫૫૧૭
કુલ નગરપાલિકાઓ	**૧૬૨**	**૪૧૮૫.૭૫**	**૮૫૫૬૩૦૬**
કુલ શહેરી સ્થાનિક સંસ્થાઓ	**૧૭૦**	**૫૭૫૫.૮૬**	**૨૩૧૫૮૪૪૪**

શહેરીકરણની અસાધારણ ગતિથી ચાલતી આ પ્રક્રિયાથી ઉભા થતા પડકારોને પહોંચી વળવા માટે રાજય સરકારે આગોતરું આયોજન કરી શહેરી નાગરિકોની સુવિધાઓ ગુણવત્તાયુકત રીતે બનાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે.

સને ૧૯૭૯ના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ એકટની જોગવાઈઓ હેઠળ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને (૧) વિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા (૨) મહેસુલી અને નાણાંકીય વહીવટમાં કાર્યક્ષમતા, કરકસર અને શિસ્ત લાવવા, તથા (૩) કરવેરા વસુલાતમાં વધારો કરવા માટે માર્ગદર્શન આપવાના હેતુસર તા.૨૪-૯-૧૯૭૯થી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની રચના થયેલ છે.

શહેરી સ્થાનિક સંસ્થાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી નાગરિકોના સામાજિક અને આર્થિક વિકાસ માટે રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નાણાંકીય સહાય પુરી પાડી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ યોજનાઓ તથા પેટા યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

રાજય સરકારની યોજનાઓ

૧. મનોરંજન કર ગ્રાંટ યોજના :

રાજય સરકારને મનોરંજન કરની થતી કુલ આવકમાંથી દર વર્ષે ૭૫ ટકા હિસ્સાની રકમ, બજેટમાં જોગવાઈ કર્યાબાદ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ મારફતે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ હસ્તક મૂકવામાં આવે છે. મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તારમાં વસતા નાગરિકોની જાહેર સુવિધાના તથા મૂળભુત સગવડોના સંલગ્ન વિકાસના કામો માટે સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૫૦૬.૫૨ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

૨. વ્યવસાયિક કરની આવકની ગ્રાંટ યોજના :

મહાનગરપાલિકા / નગરપાલિકાઓને ૫૦ ટકાના ધોરણે નાણાંકીય સહાય ગુજરાત નાણાં પંચના અહેવાલમાં થયેલ ભલામણો અન્વયે રાજય સરકારશ્રીએ રાજયની શહેરી સ્થાનિક સંસ્થાઓના વિસ્તારમાં વસુલ થયેલ વ્યવસાય વેરાની આવકમાંથી ૫૦ ટકા રકમ રાજયની શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવાનું નક્કી કરેલ છે અને તે માટે અંદાજપત્રમાં કરેલ જોગવાઈ મુજબની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હવાલે મૂકવામાં આવે છે.વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૪૪૫.૪૦ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

ઉપરોક્ત ક્રમ ૧ અને ૨ ઉપરની યોજનાઓની ગ્રાંટની રકમ સરકારશ્રીએ નક્કી કરેલ ધોરણ પ્રમાણે સ્થાનિક સંસ્થાઓને ફાળવવામાં આવે છે. અને તેનો ઉપયોગ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૧-૧૨-૨૦૦૯ના ઠરાવની જોગવાઈઓ મુજબ શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના

વિસ્તારમાં વિકાસના કામો માટે કરવાનો રહે છે. સદરહુ ગ્રાંટની દરખાસ્તો અંગેની વહીવટી મંજુરી જિલ્લા કક્ષાએ શહેરી વિકાસ એજન્સી (ડુડા) પાસેથી મેળવવાની છે અને મહાનગરપાલિકાના કિસ્સામાં સબંધિત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીની વહીવટી મંજુરી મેળવવાની રહે છે.

૩. કેબલ ટીવી / ડીસ્ક એન્ટેના પરના મનોરંજન કરની ગ્રાંટની યોજના

ગુજરાત નાણાં પંચના અહેવાલમાં થયેલ ભલામણો અન્વયે રાજય સરકારશ્રીએ કેબલ ટીવી / ડીસ્ક એન્ટેના પરના મનોરંજન કરની કુલ આવકના ૫૦ ટકા રકમ જે તે શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવાનું નક્કી કરેલ છે. તે અનુસાર સદરહુ ગ્રાંટ રાજયની નગરપાલિકા / મહાનગરપાલિકાઓને વસ્તી અને ભારાંક આધારે ફાળવણી કરીને ચૂકવવામાં આવે છે. સદરહુ ગ્રાંટ ક્રમ - ૧માં દર્શાવ્યા મુજબની મનોરંજન કર ગ્રાંટની સાથે જ તેના ધોરણો પ્રમાણે વિકાસના કામો માટે ફાળવવામાં / ચુકવવામાં આવે છે. વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૫-૧૬ સુધીમાં રૂા.૨૯.૪૦ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે. કેબલ ટીવી/ડીસ્ક એન્ટેના ઉપરનો મનોરંજન કર વસુલ કરવાની સત્તાઓ સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવેલ છે. તેથી ૨૦૧૬-૧૭ થી આ યોજના હેઠળ ગ્રાંટ ફાળવવામાં આવેલ નથી.

૪. નગર વિકાસ શ્રીનિધિ યોજના (લોન)

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૮-૧૦-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : મફબ/ ૧૧૨૦૦૫/ ૬૦૭૮/આર થી નગરપાલિકા / મહાનગરપાલિકાઓ માટે રાજય સરકારશ્રી દ્વારા નવી નગર વિકાસ શ્રીનિધિ યોજના સને ૨૦૦૬-૦૭ના વર્ષથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ લોન મંજુર કરવાની મર્યાદા રૂા.૧૦૦ લાખની છે. આ લોન નગરપાલિકાએ ૫ ટકાના વ્યાજે એક વર્ષના મોરીટોરીયમ પીરીયડ પછી ૧૦ વાર્ષિક સરખા હપ્તામાં પરત કરવાની રહે છે.

આ યોજના હેઠળ નીચેના હેતુઓનો સમાવેશ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા માટે નીચેના હેતુ પૈકી વળતર મળી શકે તેવા પ્રોજેકટો માટે લોન મંજુર કરી શકાય છે.

૧. જાહેર સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જાહેર રસ્તા, જાહેર દીવાબત્તી, વરસાદી પાણીની ગટર, ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપનના કામ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, તળાવના વિકાસ, કોમ્યુનિટિ હોલના કામો વિગેરે.

૨. વળતર મળી શકે તેવા કામો, જેવા કે શોપીંગ સેન્ટર, શાકભાજી, ફળફળાદી, ફુલ બજાર, રીક્રીએશન પાર્ક, વોટરપાર્ક, સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિગેરે.

૩. કોઈ યોજના માટે નગરપાલિકાઓને ભોગવવાની થતી સમાન ફાળાની રકમ પેટે.

૪. નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામોના પ્રોજેકટની ગ્રાંટ સિવાયની બાકી અંદાજીત ખર્ચની રકમ મેળવવા માટે.

૫. બ્રીજલોન (સરકારશ્રીમાંથી) કે બીજા જાહેર નિગમો કે બોર્ડ પાસેથી કોઈ ચોક્કસ યોજના માટે / કામો માટે લોન અથવા ગ્રાંટ મળવામાં વિલંબ થાય તેમ હોય અને કામો શરૂ કરવા જરૂરી હોય તો ટુંકાગાળા માટે લોન આપવી.

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૩૭.૯૭ કરોડની રકમની લોન ચુકવવામાં આવેલ છે.

૫. વાજપાઈ નગર વિકાસ યોજના

રાજય સરકારે નગરપાલિકાઓમાં આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ ઘન કચરાનો નિકાલ, શુધ્ધિકરણ પ્લાન્ટ, ગંદા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ, જાહેર આરોગ્ય, જાહેર રસ્તા, જાહેર દીવાબત્તી, અગ્નિશામક સાધનો, રેઈન વોટર હાર્વેસ્ટીગ, તળાવો અને પરકોલેટીગ વેલટેક વિગેરે કામો માટે લોન / ગ્રાંટ સ્વરૂપે નાણાં ઉપલબ્ધ કરીને, નગરપાલિકાની સેવાઓ સુદૃઢ કરવા આ યોજનાનો પ્રથમ તબક્કો તા.૨૪-૩-૯૯ થી અમલમાં મુકેલ છે. પ્રથમ તબક્કાનાં પ્રોત્સાહિત પરિણામો ધ્યાને લઈ યોજનાનો બીજો તબક્કો તા.૮-૧૨-૨૦૦૦ થી અમલમાં મુકેલ હતો.

આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રૂા.૧૫૫.૬૧ કરોડ તથા બીજા તબક્કામાં રૂા.૨૮૭.૬૩ કરોડ મળી કુલ રૂા.૪૪૩.૨૪ કરોડ ચૂકવેલ છે. હાલમાં આ યોજનાની ગ્રાંટ સરકારશ્રીના તા.૧૧-૧૨-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : મફબ/૧૧૨૦૦૯/૩૧૨૭/ધ અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં તબદીલ કરવામાં આવે છે.

૬. નગરપાલિકાઓની સુ-શાસન યોજના

સને ૨૦૦૭-૦૮ના વર્ષથી નીચે દર્શાવેલ બે પેટા યોજનાઓનો સમાવેશ નગરપાલિકા સુશાસન યોજના હેઠળ કરવામાં અવોલ છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૬- ૧૭ સુધીમાં ૩૧.૧૮ કરોડની ગ્રાંટની જોગવાઈ કરવામાં આવેલ છે.

(ક) જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (ડુડા) ને સ્ટાફ આપી સુદૃઢ કરવા માટે જિલ્લા વિકાસ બોર્ડની સ્થાપના

દરેક જિલ્લામાં સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની અમલવારી સરળ રીતે થઈ શકે અને જિલ્લા કક્ષાએ ગ્રામ્ય વિકાસ એજન્સીની જેમ શહેરી વિસ્તારોમાં પણ રોજગાર યોજનાનું સંકલન કરવા તથા મોનીટરીંગ કરવાના ઉદ્દેશથી સારૂ ડિસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવેલ છે. તમામ નગરપાલિકાઓમાં આ યોજનાઓમાં અમલીકરણ પર દેખરેખ અને નિયંત્રણ થઈ શકે

અને અમલવારીમાં સરળતા માટે જિલ્લા કક્ષાએ માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી મહેકમ ઉભુ કરવામાં આવેલ છે.

(ખ) નગરપાલિકાઓના કર્મચારીઓ અને પદાધિકારીઓને તાલીમ આપી શહેરી સ્થાનિક સંસ્થાઓને સંગીન બનાવવાની યોજના

નગરપાલિકાઓના વહીવટી માળખાની ક્ષમતા વધે, વહીવટી અને નાણાંકીય બાબતોનું સંચાલન કાર્યક્ષમ રીતે થાય તે હેતુથી રાજયની નગરપાલિકાઓના અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવાની યોજના સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સને ૧૯૯૮/૯૯ના વર્ષથી શરૂ કરેલ છે. નગરપાલિકા કક્ષાએ વહીવટમાં આવતાં રોજ - બ રોજનાં વિષયો જેવા કે, સીટીઝન વ્યવસ્થા, કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન વગેરે વિષયો ઉપર તાલીમ આપવાની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા અધિકૃત કરેલ સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે.

ગુડ ગવર્નન્સ યોજના અંતર્ગત નગરપાલિકાઓના પદાધિકારીઓને તાલીમ આપવા માટે યોજવામાં આવેલ તાલીમ કાર્યક્રમોની વિગત

ક્રમ	તારીખ	સ્થળ	તાલીમાર્થીઓ
૧	૧-૯-૨૦૧૬	રાજકોટ	૬૨
૨	૨-૯-૨૦૧૬	રાજકોટ	૬૮
૩	૮-૯-૨૦૧૬	વડોદરા	૧૪૭
૪	૯-૯-૨૦૧૬	સુરત	૬૮
૫	૧૪-૯-૨૦૧૬	અમદાવાદ	૧૭૨
૬	૧૯-૯-૨૦૧૬	ભાવનગર	૭૩
૭	૨૭-૯-૨૦૧૬	અમદાવાદ	૧૩૩
		કુલ...	૭૨૩

૭. ઓકટ્રોય વળતર ગ્રાંટ

(ક) નગરપાલિકાઓને ઓકટ્રોય વળતર ગ્રાંટની યોજના

રાજય સરકારે તા.૧-૫-૨૦૦૧ના વટહુકમથી રાજયની તમામ નગરપાલિકા વિસ્તારમાંથી જકાત નાબુદીના આદેશો કરેલા છે. જકાત નાબુદ થતાં નગરપાલિકાઓને મળતી આવકના પ્રશ્ન બાબતે પણ સરકારશ્રીએ ગંભીરતા પુર્વક વિચારણા કરીને, નગરપાલિકાઓમાં જકાત વસુલ કરવામાં આવતી હતી. તે નગરપાલિકાઓને છેલ્લા ત્રણ વર્ષની જકાતની આવકની સરેરાશ પ્રમાણે જકાત નાબુદીના વળતર રૂપે ખાસ ગ્રાંટ ફાળવણીના આદેશ કર્યા છે. જકાત વસુલ કરવામાં આવતી નથી ત્યાં ૨૦૦૧ની વસ્તીના ધોરણે માથાદીઠ રૂા.૧૦/- પ્રમાણે ગણતરી કરીને ગ્રાંટ ફાળવણી કરવાનું નક્કી કરેલ છે.

રાજયની ૧૫૯ નગરપાલિકાઓને છેલ્લા ત્રણ વર્ષની જકાતની આવક સરેરાશ ધ્યાનમાં લઈને જકાત વળતર પેટે ગ્રાંટ ચુકવણી કરવામાં આવેલ છે. રાજયની નગરપાલિકાઓને વર્ષ ૨૦૦૨-૦૩ તથા વર્ષ ૨૦૦૩-૦૪ માટે ૭ ટકા ઓક્ટ્રોય વળતર પેટે વધારો ચૂકવવામાં આવેલ છે, ત્યારબાદ વર્ષ ૨૦૦૪-૦૫થી વર્ષ ૨૦૧૨-૧૩ સુધી રાજય નગરપાલિકાઓને ૧૦ ટકા ઓક્ટ્રોય વળતર પેટે વધારો ચુકવવામાં આવેલ છે. રાજયની ઓકટ્રોય ઉઘરાવતી ન.પા.ઓને વર્ષ ૨૦૧૩-૧૪માં જે ગ્રાંટ મળેલ છે તેમાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦ ટકા વધારો ચુકવવામાં આવેલ છે. ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧-૪-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક નપલ-૪૫૨૦૧૬-૫૨૦૭/મ થી વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઓકટ્રોય ગ્રાંટમાં ૧૦% નો વધારો આપવાની મંજુરી આપવામાં આવેલ છે. જયારે ઓકટ્રોય ન ઉઘરાવતી ન.પા.ઓને ૨૦૧૧ સેન્સસ મુજબની વસતિ માટે માથાદીઠ માસિક રૂા.૧૦ પ્રમાણે ઓકટ્રોય ચુકવવામાં આવે છે. વર્ષ ૨૦૦૧-૦૨ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૪૫૭૬.૦૪ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

(ખ) મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટેની પ્રોત્સાહક ગ્રાંટ (ઓકટ્રોય વળતર ગ્રાંટ) ની યોજના

રાજય સરકારે તા.૧૫-૧૧-૦૭ થી મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય ગ્રાંટ નાબુદ કરવાનો નિર્ણય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૨-૯-૦૭ના જાહેરનામાં ક્રમાંક : કેપી/૨૪૫ ઓફ ૨૦૦૭/જેકસટી/૮૦૨૦૦૭/૧૯૬૩/પી થી કરેલ છે. તદ્અનુસાર નવેમ્બેર - ૨૦૦૭ થી રાજયની - ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય વળતર ગ્રાંટ પેટે રાજય સરકારશ્રી દ્વારા અનુદાન તરીકે ચુકવવામાં આવે છે. ગાંધીનગર શહેરને મહાનગરપાલિકાઓને દરજ્જો મળ્યા બાદ રાજય સકારશ્રી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને પણ આ યોજના હેઠળ ગ્રાંટ ચુકવવામાં આવે છે. રાજયની મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫ માટે ઓકટ્રોયના વળતરરૂપે આપવામાં આવતી ગ્રાંટમાં (૧) અમદાવાદ, સુરત અને વડોદરા મહાનગરપાલિકાઓને ૧૫ ટકા વધારો (૨) રાજકોટ મહાનગરપાલિકાને ૨૦ ટકા વધારો તથા (૩) જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓને ૨૫ ટકા વધારા સહિત ઓકટ્રોય વળતર ગ્રાંટ ચુકવવામાં આવે છે. ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧-૪-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક નપલ-૪૫૨૦૧૬-૫૨૦૭/મ થી વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઓકટ્રોય ગ્રાંટમાં ૧૦%નો વધારો આપવાની મંજુરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૧૮૦૩૭.૧૪ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

૮. જમીન મહેસુલ બિનખેતીની ગ્રાંટ

આ યોજના સને ૨૦૦૦થી શરૂ કરવામાં આવેલ છે. અને આ યોજના નગરપાલિકાઓ અને નગરપાલિકાઓ એમ બન્નેને લાગું પડે છે. આ યોજના હેઠળ વિકાસના જુદા જુદા કામો માટે સ્થાનિક સંસ્થાઓને ગ્રાંટ આપવામાં આવે છે. આ યોજના હેઠળ નગરપાલિકા / મહાનગરપાલિકાઓએ વસુલાત કરેલ જમીન મહેસુલનો ભાગ નગરપાલિકા / મહાનગરપાલિકાઓને અનુદાન તરીકે આપવામાં આવે છે. જેનો ઉપયોગ વિકાસના કામોની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે. આ યોજનાની નાણાંકીય સહાયની રકમ સ્થાનિક સંસ્થાઓની વસ્તી અને વિસ્તારના આધારે ફાળવણી કરવામાં આવે છે. આ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૫૮.૮૯ કરોડની ગ્રાંટની ચુકવણી કરેલ છે.

૯. જમીન મહેસુલ બિનખેતી આકાર - ઈરીગેશન સેસ-લોકલ ફંડ સેસની ગ્રાંટ

આ યોજના સને ૧૯૬૩ થી અમલમાં આવેલ છે. અને રાજયની નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓ બન્નેને લાગું પડે છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારમાંથી વસુલ કરવામાં આવેલ સિંચાઈ ઉપકર અને સ્થાનિક ભંડોળ ઉપકરમાંથી ગ્રાંટ આપવામાં આવે છે. આ યોજના હેઠળ આપેલ ગ્રાંટનો ઉપયોગ વિકાસના કામો માટે કરવામાં આવે છે. આ યોજના હેઠળ આપવામા આવેલ ગ્રાંટ આ યોજનાની ગ્રાંટ સ્થાનિક સંસ્થાઓની વસ્તી અને વિસ્તારના આધારે ફાળવવામાં આવે છે. આ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા.૨૮.૧૯ કરોડની ગ્રાંટની ચુકવણી કરેલ છે.

૧૦. બુનિયાદી મૂડી અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પગાર ભથ્થાં માટે નગર પાલિકાઓને સહાયક અનુદાન

આ યોજના સને ૨૦૦૧-૦૨ થી શરૂ કરવામાં આવેલ છે. તે અનુસાર આ યોજના હેઠળ નગરપાલિકાના કર્મચારીઓના પગાર ભથ્થા / મહેકમ ખર્ચ વિગેરે માટે નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે છે. તાજેતરમાં સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૧-૦૬-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : મફબ/૧૧૨૦૧૧/૫૪૭૦૨૦/આર થી રાજયની નગરપાલિકાઓને બુનિયાદી મુડી/પગાર ભથ્થાની ગ્રાંટ ફાળવવા અંગેના ધોરણોમાં નીચે જણાવ્યા મુજબ સુધારો કરવામાં આવેલ છે.

(૧) વર્ષની વસુલ થયેલી મિલ્કત વેરાની રકમની ટકાવારી મુજબ મળવાપાત્ર ગ્રાંટ

ક્રમ	વસુલ થયેલ મિલ્કત વેરાની રકમની ટકાવારી	નગરપાલિકાના મંજુર અને માન્ય મહેકમ ખર્ચની રકમના આધારે મળવાપાત્ર અનુદાનનો દર
૧.	૮૦ ટકાથી વધારે વસુલાત	૫૦ ટકા
૨.	૬૦ ટકાથી ૮૦ ટકા સુધીની વસુલાત	૪૦ ટકા
૩.	૬૦ ટકાથી ઓછી વસુલાત	૩૦ ટકા

(૨) વર્ષ ૨૦૧૧ ની વસ્તીના આંકડાને આધારે માથાદીઠ રૂા. ૬૦/- ની ગ્રાંટ ચુકવવામાં આવે છે.

ઉપરોક્ત ધોરણો (૧) અને (૨) પૈકી જે રકમ વધારે થાય તે મુજબની ગ્રાંટ બુનિયાદી મુડી અને પગાર ભથ્થાં ગ્રાંટ તરીકે રાજયની નગરપાલિકાઓને ચૂકવણી કરવાનું ઠરાવવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ આ નવા ધોરણોનો અમલ તા.૧-૪-૨૦૧૨ થી કરવામાં

આવેલ છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓને આપવામાં આવેલ રકમ ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂા. ૬૪૨.૦૦ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

૧૧. પ્રાથમિક શિક્ષણ માટે નગરપાલિકાઓને સહાયક અનુદાનની યોજના - શિક્ષણ ઉપકરની ગ્રાંટની યોજના

આ યોજના રાજય સરકારશ્રી તરફથી સને ૧૯૬૨ થી અમલમાં મુકવામાં આવેલ છે. અને આ યોજના નગરપાલિકા અને મહાનગરપાલિકા બન્નેને લાગું પડે છે. આ યોજના હેઠળ રાજયમાં પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે નગરપાલિકા / મહાનગરપાલિકાઓને નાણાંકીય સહાયની જોગવાઈ કરવામાં આવે છે. ગુજરાત શિક્ષાણ ઉપકર અધિનિયમ - ૧૯૬૨ અનુસાર શહેરી વિસ્તારોમાં જમીન તેમજ મિલ્કતો ઉપર ઉપકર ઉઘરાવીને વસુલ કરવામાં આવેલ કરનો ભાગ સ્થાનિક સંસ્થાઓને શાળાઓ અને પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે આપવામાં આવે છે. આ યોજના હેઠળ સ્થાનિક સંસ્થાઓ પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટેના મુડીજન્ય કામો કરી શકે છે. આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ નાણાંકીય સહાય ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે. આ યોજના હેઠળ ૮૫ થી ૧૦૦ ટકા સુધીની ગ્રાંટની ફાળવણી નગરપાલિકા / મહાનગરપાલિકાની કરવેરા વસુલાતની ટકાવારી ધ્યાનમાં લઈ કરવામાં આવે છે. તેમજ જે નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ શિક્ષણની જવાબદારી સંભાળતી ન હોય તેમને વસુલ થયેલ કરના ૫ ટકા અનુદાન તરીકે આપવામાં આવે છે. અને ૬૫ ટકા સબંધિત જિલ્લા પંચાયતને શૈક્ષણિક પ્રવૃત્તિને ઉત્તેજન આપવા વિકાસ કરવા માટે આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૬- ૧૭ સુધીમાં રૂા.૧૨૨૮.૧૯ કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.

૧૨. સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના

❑ **રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૯માં યોજનાનો અમલ.**

- પ્રથમ તબક્કો રૂા. ૭,૦૦૦/- કરોડ (૨૦૦૯-૧૪)
- બીજો તબક્કો રૂા.૧૫,૦૦૦/- કરોડ (૨૦૧૨-૧૭)
- કુલ રૂા. ૨૨,૦૦૦/- કરોડની જોગવાઈ
- ત્રીજો તબક્કો રૂા. ૪૩૦૨.૦૦ કરોડ ૨૦૧૭-૧૮ માટે.

આ યોજના અંતર્ગત મુખ્યત્વે,

- પાણી પુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો, આગવી ઓળખના કામો, ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા માળખાકીય સુવિધાના કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

આ યોજના હેઠળ થયેલ પ્રગતિ નીચે મુજબ છે.

(૧) આંતરમાળખાકીય વિકાસના કામો :-

(અ) મહાનગરપાલિકાઓ :-

- રૂા. ૧૧૨૭૨.૯૬ કરોડના, ૧૦૨૬૯ કામોને મંજુરી.
- રૂા. ૯૯૮૭.૩૩ કરોડની, ગ્રાંટની ચુકવણી
- ૮૩૭૯ કામો પૂર્ણ અને ૧૪૭૧ કામો પ્રગતિ હેઠળ

- મહાનગરપાલિકા દ્વારા થયેલ ખર્ચ કુલ રૂા.૮૨૬૫.૭૫ કરોડ

- ભાવનગર અને જામનગર મહાનગર-પાલિકાઓને કુલ રૂા. ૨૩૯.૯૫ કરોડના ભૂગર્ભ ગટરના કામોની મંજુરી, તે પરત્વે રૂા.૧૧૮.૨૬ કરોડની રકમ ચુકવણી અને મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૯૬.૪૧ કરોડનો ખર્ચ.

આંગણવાડીના મકાનોના બાંધકામ માટે :-

- રૂા. ૧૪૯.૮૩ કરોડની ગ્રાંટ ચુકવણી સામે ૨૭૨૪ યુનિટનો લક્ષ્યાંક
- ૧૪૪૧ કામ પૂર્ણ અને ૨૫૮ કામો પ્રગતિ હેઠળ
- થયેલ કુલ ખર્ચ રૂા. ૯૯.૦૦ કરોડ
- આગવી ઓળખના કામો રૂ.૧૧૮૭.૧૬ કરોડની ગ્રાન્ટની ચુકવણી સામે રૂા. ૧૫૨૪.૮૪ કરોડના ૪૦ કામોને મંજુરી. ૧૫ કામો પૂર્ણ, ૨૨ કામો પ્રગતિ હેઠળ, કુલ ખર્ચ રૂા. ૮૩૨.૯૫ કરોડ.

(બ) નગરપાલિકાઓ :-

- રૂા. ૨૯૦૬.૩૦ કરોડના, ૨૪૬૫૬ કામોને મંજુરી
- રૂા. ૨૫૫૮.૫૯ કરોડની ગ્રાંટની ચુકવણી
- ૧૭૮૦૦ કામો પૂર્ણ અને ૪૪૩૨ કામો પ્રગતિ હેઠળ
- નગરપાલિકા દ્વારા થયેલ ખર્ચ કુલ રૂા. ૧૮૭૦.૨૦ કરોડ
- આગવી ઓળખના કામો (નગરપાલિકા)
  - રૂા. ૨૧૬.૩૭ કરોડના ૩૬ કામો જેવા કે તળાવનો વિકાસ, સ્વીમીંગ પુલ, રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ, ટાઉનહોલ, જેવા કામોને સૈદ્ધાંતિક મંજુરી.
  - રૂા. ૧૧૭.૦૦ કરોડની ગ્રાંટ મંજુરી, રૂા.૬૪.૦૭ કરોડની ગ્રાંટની ચુકવણી સામે નગરપાલિકાઓ દ્વારા ખર્ચ રૂા.૧૫.૪૬ કરોડ.

(૨) ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને પીવાના પાણીની પાઈપ લાઈન (૭૦: ૨૦:૧૦) (મહાનગરપાલિકા અને નગરપાલિકા)

- રૂા. ૧૮૯૬.૨૨ કરોડના, ૨૨૧૬૬ કામોને મંજુરી

- રૂા. ૧૧૬૧.૦૧ કરોડની ગ્રાંટની ચુકવણી (મહાનગરપાલિકા રૂા. ૯૬૮.૦૪ કરોડ + નગરપાલિકા રૂા.૧૯૨.૯૭ કરોડ)
- ૧૮૫૯૦ કામો પૂર્ણ અને ૧૮૩૦ કામો પ્રગતિ હેઠળ
- સ્થાનિક સંસ્થા દ્વારા થયેલ કુલ ખર્ચ રૂા.૮૪૮.૪૨ કરોડ.

(3) નગર સેવા સદનના મકાન બાંધકામ અને હયાત મકાનમાં વધારા / મરામતના કામો

- નવા મકાન માટે (અ) અને (બ) વર્ગની નગરપાલિકાઓને રૂા. ૨ કરોડ સહાય, તથા (ક) અને (ડ) વર્ગની નગરપાલિકાઓને રૂા. ૧ કરોડ સુધીની સહાય
- ૬૬ નવા મકાન માટે રૂા.૫૩.૬૫ કરોડની ચુકવણી
- ૩૬ પૂર્ણ, ૧૨ પ્રગતિ હેઠળ
- કુલ ખર્ચ રૂા. ૩૫.૩૦ કરોડ
- હયાત મકાનમાં વધારા / મરામતના કામો માટે નગરપાલિકાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને રાજય સહાય મળવાપાત્ર
- ૫૪ રીનોવેશનના કામો માટે રૂા. ૧૬.૮૫ કરોડની ચુકવણી
- ૩૭ પૂર્ણ, ૯ પ્રગતિ હેઠળ
- કુલ ખર્ચ રૂા. ૧૩.૫૦ કરોડ

૧૩. ૧૩મા નાણાંપંચની ગ્રાંટ (કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત)

કેન્દ્રીય નાણાંપંચનો અહેવાલ ભારત સરકારે સ્વીકારેલ છે. તદ્ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : ટીએફસી/૧૧૨૦૧૦/૨૧૦૮/બ, તા. ૨૧-૧૨-૨૦૧૦ના ઠરાવ અન્વયે ૧૩માં નાણાંપંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકાર તરફથી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ થી જનરલ બેઝીક મુજબ નગરપાલિકા / મહાનગરપાલિકાઓને (૧) વોટર સપ્લાય, (૨) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, (૩) ડ્રેનેજ (૪) સેનીટેશન (૫) ઈ-ગવર્નન્સ (૬) ટ્રાન્સપોર્ટેશન (૭) સેલેરી એન્ડ વેજીસ (૮) ફાયર સર્વીસ (૯) અન્ય કામગીરી વિગેરે કાર્યો માટે વસ્તીના ધોરણે વર્ષ ૨૦૧૦-૧૧ માટે રૂ. ૧૨૦.૯૬ કરોડની, સને વર્ષ - ૨૦૧૧-૧૨માં રૂ.૧૬૪.૧૨ કરોડની, સને ૨૦૧૨-૧૩માં આ યોજના માટે રૂ. ૧૯૧.૫૯ કરોડની અને વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૨૨૯.૬૭ કરોડ અને ૨૦૧૪-૧૫માં રૂા.૨૧૯.૪૩ કરોડની ગ્રાંટની ફાળવણી/ચુકવણી કરવામાં આવેલ છે. કુલ મળી રૂા. ૯૨૫.૭૭ કરોડની ગ્રાંટની ચુકવણી કરવામાં આવેલ છે.

૧૪. ૧૪મા નાણાંપંચની ગ્રાંટ (કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત)

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૯-૨-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીએફસી/૧૦/૨૦૧૫/૮૧૩/બ ના અન્વયે કેન્દ્રિય નાણાપંચની ભલામણો મુજબ મળેલ બેઝિક ગ્રાંટના (૮૦ ટકા) નો ઉપયોગ તથા પરફોર્મન્સ ગ્રાંટ (૨૦ ટકા) નો ઉપયોગ અનુક્રમે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓએ (૧) સેનીટેશન / સ્વચ્છતા અભિયાનના કામો (૨) પાણી પુરવઠો (૩) આરોગ્યલક્ષી સફાઈ પ્રવૃત્તિ (સેપ્ટીક મેનેજમેન્ટ, સેવેજ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) (૪) વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા (૫) રોડની જાળવણી (૬) ફુટપાથ (૭) સ્ટ્રીટ લાઈટ (૮) સ્મશાનગૃહ/કબ્રસ્તાન (૯) કોમ્યુનિટી એસેટની જાળવણી વિગેરે હેતુ માટે કરી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓને રૂા.૬૦૪.૦૭ કરોડની ગ્રાંટની ચુકવણી કરવામાં આવેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જનરલ બેઝિક ગ્રાંટના પ્રથમ અને બીજા હપ્તા પેટે રૂા. ૮૫૦.૮૫ કરોડની ચુકવણી કરવામાં આવેલ છે. તેમજ આ યોજના હેઠળ રૂા.૨૫૧.૨૯ કરોડની રકમ પર્ફોમન્સ ગ્રાન્ટ તરીકે ચુકવવામાં આવેલ છે.

૧૪મા નાણાંપંચ યોજના વર્ષ ૨૦૧૭-૧૮ની પરફોર્મન્સ ગ્રાંટના મેળવવા માટેના ત્રણ માપદંડો/ શરતો

૧. જે તે વર્ષની પર્ફોમન્સ ગ્રાંટની પાત્રતા માટે દરેક શહેરી સ્થાનિક સંસ્થાઓએ જે વર્ષની પર્ફોમન્સ ગ્રાંટ મેળવવાની છે તેના બે વર્ષ અગાઉના વર્ષના ઓડીટેડ હિસાબો રજૂ કરવાના રહે છે.

૨. ઓડીટેડ હિસાબો મુજબ અગાઉના વર્ષની સરખામણીએ શહેરી સ્થાનિક સંસ્થાની સ્વભંડોળની આવક (Own Revenue) માં વધારો થયેલ હોવો જોઈએ,

૩. દરેક શહેરી સ્થાનિક સંસ્થાઓએ દર વર્ષે શહેરી પાયાની સુવિધાઓનું સર્વિસ લેવલ/ કક્ષા માપવું પડશે અને તેની જાહેર જનતા સમક્ષ લોકોને ઉપલબ્ધ થઈ શકે તે રીતે પ્રસિધ્ધી કરવાની રહેશે.

સૌનો સાથ... સૌનો વિકાસ...

ગુજરાતની શાન...
વિકાસથી ધબકતા શહેરો

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર–૧૦/એ, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
ફોન નં. ૨૩૨૫૦૨૯૪, ૨૩૨૫૦૩૩૦, ૨૩૨૪૪૯૨૭
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૦૨૮૦, ૨૩૨૪૪૯૨૬
E-mail : gmfb1@yahoo.co.in